chapter - 10

# પ્રકરણ - ૧૦

## ઉપસંહાર

## પ્રકરણ-૧૦

## ઉ પ સં હા ર

ડાહ્યાભાઇના જીવન અને નાટકની આમ આપણે સર્વાંગીણ સમીક્ષા કરી. એક રીતે કહીએ તો તેમનું જીવન નાટકની માફક અણધાર્યાં પલટા લઇને સમાપ્ત થયું અને નાટક તેમનું જીવનકાર્ય ( mission) બની રહ્યું. જીવનનો અણધાર્યો અંત આવતાં તેમનું જીવનકાર્ય પણ અધૂરું રહી ગયું. નાટકના ક્ષેત્રમાં ઘણા સુધારા કરવાની તેમને હોંશ હતી. નાટકનો કેવળ મનોરંજનના સાધન તરીકે નહીં, પણ સમાજનો ઉત્કર્ષ જેનાથી ઝડપથી સાધી શકાય તેવા સુધારાના સબળ હથિયાર તરીકે તેનો ઉપયોગ તેમણે કર્યો હતો. દુકાળના વખતમાં ~~તેમણે~~ નાટકો ભજવીને તેની તમામ આવક દેશના દુઃખી ભાંડુઓને અર્પણ કરી દેવાની ઉદાર દેશભક્તિની તમન્ના તેમનામાં હતી. તેમની આ એકનિષ્ઠ પરોપકારી પ્રવૃત્તિએ તે સમયના અગ્રણી દેશહિતચિંતકોનું તેમની પ્રત્યે ધ્યાન દોર્યું હતું. એટલુંજ નહીં, તેમની હરોળમાં બેસે તેટલું ગજું તેમણે કાઢ્યું હતું.

"વીણાવેલી", "અશ્રુમતી", "સરદારબા" અને "ઉમાદેવડી" જેવાં પોતાનાં લોકપ્રિય નાટકોના ખેલ રાહત ફંડ એકત્ર કરવા માટે ઉપયોગમાં લઇ, તે પ્રસંગે બદ્રુદીન તૈયબજી, ફિરોજશા મહેતા, મહાદેવ ગોવિંદ રાનડે, લોકમાન્ય ટિળક, ચિમનલાલ સેતલવડ, ને વીરચંદ ગાંધી જેવા દેશનાયકોને પ્રમુખસ્થાને સ્થાપીને, સયાજીરાવ ગાયકવાડ અને તે વખતના ગવર્નર જેવાને પણ સમારંભમાં આકર્ષીને, લોકોનાં હૈયાંને હચમચાવી નાખે તેવાં ભાષણો કરીને અને એક લાખ રૂપિયા જેટલી રકમ રાહતકાર્યમાં અર્પણ કરી દઇને ડાહ્યાભાઇએ એક નાટ્યકારના કરતાં વિશેષ સાર્વજનિક હિતનું કાર્ય કરનાર દેશવત્સલ સુધારકનું

કામ કર્યું હતું. તેને કારણે તેમને વ્યક્તિગત પ્રતિષ્ઠા તો મળી ચૂકી હતી જ. પણ ગુજરાતી નાટક અને રંગભૂમિનું મૂલ્ય ભવાઇ કે રામલીલાના જેવું સસ્તા મનોરંજનના સાધન જેટલું હતું, તેને રાષ્ટ્રિય ગૌરવ અપાવ્યું. રસ્તાની ધૂળમાંથી ગુજરાતી નાટકને માટે તેમણે પાકું ઘર-થિયેટર-બાંધી આપ્યું. તે વધુ જીવ્યા હોત, અગર તેમની પછી નાટકને રાષ્ટ્રિય અસ્મિતાના સાધન તરીકે ઉપયોગમાં લેનાર, તેમના જેવા સત્વવાળા ને ખુમારીવાળા લેખકો આગળ આવ્યા હોત તો આજે ગુજરાતી નાટક ને રંગભૂમિનો ઇતિહાસ જુદો જ હોત.

અદ્યાપિ પર્યન્ત અપ્રગટ રહેલ "સતી પાર્વતી" નાટકના નાન્દીમાં તેમણે પોતાનો નાટ્યાદર્શ સમજાવ્યો છે:

"નાટક દુનિયાનું દર્પણ રૂડું, ગુણદોષ જોવાનું,
ખાંતેથી જોઇ જોઇ બોધ લઇ, દિલડાનું દુઃખ ખોવાનું".

તેમણે પોતાનાં નાટકોમાં આ ઉદ્ગારોને ચરિતાર્થ કરે તે રીતે દુનિયાનું પ્રતિબિંબ પાડેલું છે. "અશ્રુમતી" અને "સરદારબા" જેવાં ઐતિહાસિક નાટકોમાં પણ તેમણે માણસનાં સ્વત્વ તથા ખુમારીને ઉત્તેજિત કરે તેવું નિરૂપણ કરેલું છે. સલીમ અને અશ્રુમતીનો પ્રેમપ્રસંગ ભલે બંગાળી પરથી પ્રેરિત હોય, પણ તેમની દ્રષ્ટિ જમાનાથી કેટલી આગળ ગયેલી હતી તેનો એ અવશ્ય દ્યોતક છે. "મ્યુનિસિપલ ઇલેકશન" નાટક સમકાલીન પ્રશ્નોને નાટકમાં પ્રતિબિંબિત કરવાનું તેમનું વલણ વધુ સ્પષ્ટ કરે છે. ચૂંટણીમાં ચાલતી ગેરરીતિને આટલી નિઃસંકોચ રીતે નાટકમાં ઝીલીને પ્રજાને જાગૃત કરવાનો તેમનો એ નાનકડો પણ પ્રગલ્ભ પ્રયત્ન હરકોઇ જમાનાની દાદ માંગી લે તેવો છે. ખુશામતિયા અને સ્વાર્થ મતલબી માણસોના દુષ્ટ હેતુઓને નાટકના દર્પણમાં દેખાડવા બદલ ડાહ્યાભાઇને સહન પણ કરવું

પડ્યું હતું. "વીણાવેલી" ના વસ્તુ પર શેકસ્પિયરની ભલે અસર હોય, પણ કન્યાશિક્ષણનો બોધ તેને અનુષંગે તારવવા ~~શિક્ષણનો બોધ તેનો~~ બદલ તેમનો જમાનો તો અવશ્ય તેમનો ઋણી રહેશે. કાવ્ય, નાટક, નવલકથા, વાર્તા વગેરે સાહિત્યકૃતિઓમાં સીધો ઉપદેશ આપવાનો એ જમાનો હતો. સામાન્ય જનસમાજની પણ એ અપેક્ષા હતી. ડાહ્યાભાઇએ પોતાનાં નાટકોમાં લોકોનાં સુખદુ:ખનું પ્રતિબિંબ પાડવા સાથે નીતિ અને સદાચારનો બોધ આપેલો છે. "અશ્રુમતી" પહેલાંનાં નાટકોમાં એ બોધ સામાન્ય કોટીનો હોઇ ધ્યાન ખેંચતો નથી. પણ પછી તેમાં તીક્ષ્ણતા, સચોટતા ને હૃદયસ્પર્શિતા આવે છે. "વીણાવેલી" માંનું કઠિયારાનું ગીત-

"કાચા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ,
ત્હારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ.
સદા સંસારમાં સુખદુ:ખ સરખાં માની લઇએ,
રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ-સદા.

પીંપળ પાન ખરંતાં, હસતી કુંપળીઆં,
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆં.
નહીં જેવી ને તેવી નિત્યકોઇની નભતી જોઇએ
દશાના ઢંગ રૂતુના રંગ જેવા દેખી લઇએ- સદા.
કદી મહેલાતો માળીઆં, કોમળ છપ્પર ખાટ
એક દિન એવો આવશે, ભૂખ્યાં ન મળે ભાત.

("ડા. ના.", મણકો. ૧, પૃ. ૩૭)

દશાના વિપર્યાસનો ઠીક ઠીક અનુભવ કરી ચૂકેલા ડાહ્યાભાઇએ લખેલું આ ગીત લોકગીતની માફક ગુજરાતનાં સ્ત્રીપુરુષોને કંઠે આજ સાઠ

વર્ષથી ગવાતું આવ્યું છે. એજ રીતે "ઉમાદેવડી" માંનું "મુસાફર, સફર તારી ટૂંકી, ભલા માણસ, કંઇ કરી લે ભલાઇ" એ ગીત પણ ખૂબ લોકપ્રિય થયું હતું. છેલ્લાં છ વર્ષમાં લખેલાં નાટકોમાં રસની બેવડમાં બોધ પાવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. તેથી તેની અસર વધુ ચોટદાર બની હતી. તેમ છતાં એ નાટકો સીધો બોધ છોડી શક્યાં નથી તે નોંધવું જોઇએ. આને માટે ડાહ્યાભાઇના કરતાં તેના જમાનાની રુચિ જવાબદાર છે એમ કહેવું જોઇએ.

એ જમાનાનો પ્રેક્ષક ચાર વસ્તુ માટે નાટક જોવા જતો: ગાયનો સાંભળવા, હસવા, સિનસિનરી જોવા અને ધર્મ-નીતિનો ઉપદેશ લેવા. દરેક પ્રેક્ષક કદાચ આ ચારે ઉદ્દેશ માટે જતો હશે એમ નહીં હોય. પણ નાટ્યરસિક સમુદાયની નજર સમક્ષ આ ચાર ઉદ્દેશો હતા એમ એકંદરે કહી શકાય. ડાહ્યાભાઇનાં નાટકો સમગ્રપણે આ ચારે ઉદ્દેશોને આવરી લેતાં. ઉપર જોયું તેમ ધર્મ કે નીતિનો બોધ તેમાંથી તારવનારને અવશ્ય મળતો.

ગાયનોમાં વૈવિધ્ય સારી પેઠે રહેતું. શૃંગાર પ્રત્યેક નાટકમાં ઘણુંખરું રહેતો જ. પ્રેક્ષકોની એ પણ એક અપેક્ષા હતી. શૃંગારિક ગીતો સાંભળવાં તે નાટકના રસની એક દિલહર મોજ હતી. નાયક અને નાયિકાનાં દ્વંદ્વ ગીતો કે યુગલ-ગાનો આજે જેમ સિનેમાનાં ગીતોનું છે તેવું આકર્ષણ જમાવતાં. ડાહ્યાભાઇએ એવાં સંખ્યાબંધ ગીતો લખ્યાં છે. તેને વિશેની પ્રેક્ષકોની માગ તેમણે પૂરી પાડી હતી તે "રામ-રાજ્યવિયોગ" જેવા નાટકમાં રામ અને સીતાનો ઉત્તેજિત પ્રેમપ્રસંગ મૂકયો છે તે પરથી સમજાય તેમ છે. "ઉમા દેવડી"માંનું

> કોઇ ફૂલ લ્યો રે ફૂલ !
> ફૂલ સાટે દિલ છે ડૂલ રે, - કોઇ૦

એ ગીત અથવા

"છોડો રે કુંવર મારા હાથને,
અમે જમીએ નિત્ય નાથ".

એ "વીણાવેલી"નું ગીત અથવા

"પ્રમદા છે પ્રીતિભાજન, મનરંજન, ભીડભંજન." એ "ઉદયભાણ"નું ગીત ડાહ્યાભાઇની સુરુચિનાં દ્યોતક છે. પ્રેક્ષકોની રુચિ કેળવવાના પ્રયત્નરૂપ તેને ગણીએ તો ગણાય. પરંતુ મોટાભાગનાં શૃંગારિક ગીતો બધાઇ ગયેલી પ્રેક્ષકોની રુચિને આધીન રહીને લખાયાં છે. તેમાં એમની રસિકતાને રસીલી બાની જોવા મળે છે.

ડાહ્યાભાઇનું ખરું પ્રદાન તો નાટકમાં હાસ્યરસની ગૂંથણી છે. આપણે જોયું કે મુખ્ય વસ્તુની સાથે હાસ્યના ગૌણ વસ્તુને વણી લઇને તેઓ ગુજરાતી તખ્તા પર તેની એક નવીજ પ્રણાલિકા સ્થાપે છે, તેમણે દરજી-દરજણ, હજામ, શેઠ-દીકરો, ગાંડીઓ, ખોડુભા, ઠગ, ધાંચી, કુંભાર, વગેરે નીચલા મધ્યમ કે નીચલા વર્ગનાં પાત્રોને નાટકમાં ઉતારીને, હાસ્યરસની જમાવટ કરેલી છે. તેમાં કજોડું, બાળલગ્ન, કન્યાવિક્રય, વગેરે સામાજિક બદીઓને પણ હાસ્ય કટાક્ષ ધ્વારા ખુલ્લી કરેલી છે. ધમલા માળી ને ધના દેસાઇ જેવા પ્રતિનાયકો પણ તેમાંથી ઊભા થાય છે. નાટકના મૂળ ગંભીર વસ્તુને લોકગમ્ય બનાવવામાં અને પ્રેક્ષકોને માટે હળવું

વાતાવરણ સરજાવવામાં આ હાસ્યરસિક વસ્તુ ને પાત્રો સહાય - ભૂત થાય છે.[1] દિવસો સુધી પ્રેક્ષકો આ હાસ્યરસિક પાત્રોને પ્રસંગોને યાદ કરતા ને તેમાં રમૂજી વાક્યો કે ઉદ્‌ગારોનો ગંમતમાં ઉપયોગ કરતા. હાસ્યરસિક દૃશ્યોને ઉઠાવ આપવામાં ડાહ્યાભાઇ ખાસ કાળજી રાખતા. સમગ્ર નાટકનું એ એક આકર્ષક અંગ બની ~~નાટકનું~~ રહેતું. ડાહ્યાભાઇની સફળતામાં આ હાસ્યરસિક દૃશ્યોનો બહુ મોટો ફાળો છે ને વ્યવસાયી રંગભૂમિને લોકપ્રિય બનાવવામાં ડાહ્યાભાઇનાં નાટકોમાં આવતાં હાસ્યરસિક દૃશ્યોનો મહત્ત્વનો ફાળો છે.

માત્ર શ્રવણરંજક સામગ્રી પીરસીને એ જમાનાનાં નાટયકારો ઇત્યલમ્ માનતા નહીં. નયનરંજન સાધે તેવાં ભપકાદાર દૃશ્યોની સજાવટ

---

૧ આનો નિર્દેશ ડૉ. એન. એ. ઠક્કરે તેમના સુપ્રસિધ્ધ પુસ્તક Vaishnavas of Gujarat માં નીચે મુજબ કરેલો છે તે એના સમર્થનમાં જોવા જેવો છે:

"But Dahyabhai introduced some relieving features in his dramas which would have otherwise proved rather heavy for modern audiences. Dahyabhai wisely worked up thin sub-plots in his dramas; they are free from the vulgar elements of the Bhavai's they are well-balanced and even dignified, and they usually depict the main issues of some current problems vitally connected with the social life of the gujaraties. These sub-plots are usually mild satires on the undesirable social customs especially amongst the Brahmins and the vanias, with a view to educate public opinion against these."

("Vaishnavas of Gujarat", Page-293.)

પણ તેમાં થતી. કીંમતી વસ્ત્રાભૂષણો અને રંગબેરંગી દ્રશ્યો ઉપરાંત તેમાં બનતી ઘટનાઓનો વિવિધ યુક્તિઓથી વાસ્તવિક ખ્યાલ ઊભો કરવાનો પ્રયત્ન થતો. આ પ્રકારની તદબીરને "ખ્રિનેસ" કહેતા. અમદાવાદની નાટક કંપનીઓના કરતાં મુંબઇની કંપનીઓ આ બાબતમાં હંમેશાં આગળ રહેતી. શાંતિભુવન થિયેટરમાં "ઉમાદેવડી" નાટક રજૂ થયું ત્યારે તેમાં વરસાદનું વાસ્તવિક દ્રશ્ય બતાવવા માટે ખાસ "ખ્રિનેસ" ડાહયાભાઇએ સૌપ્રથમ ઉપયોગમાં લીધુ હતું. તે જોવા માટે પ્રેક્ષકો ઉમટતા. "અશ્રુમતી" માં બે હાથે ચાલતી તલવારની પટાબાજીનો ઉલ્લેખ અગાઉ આવી ગયો છે. "ઉદયભાણ" માં અરીસા ગોઠવીને ભ્રાન્તિનું દ્રશ્ય ઊભું કરવામાં આવતું. અરીસા ફૂટતાં અકસ્માત થવાની બીકે તે દ્રશ્ય તેમને રદ કરવું પડયું હતું. નાટકમાં રજૂ થતા અભિનયના કરતાં દ્રશ્ય પ્રત્યે પ્રેક્ષકોનું ધ્યાન ખેંચીને મુખ્ય રજૂઆતની ખામીને ઢાંકવાનો પ્રયાસ ઘણુંખરું વ્યવસાયી રંગભૂમિ પર થતો. પછી તો લોકોની રુચિ સિનસિનેરી માટે એવી દ્રઢ થઇ ગઇ કે અભિનયને બદલે તેને જ પ્રમાણ માનીને ચાલવાનું વલણ બંધાયું. ડાહયાભાઇ જેવા સુજ્ઞ નાટયકાર પણ લોકોના એ વલણને સુધારી શકયા નહોતા એ સ્વીકારવું જોઇએ.

આમ છતાં ૧૮૭૬ પછી ડાહયાભાઇએ પોતાનાં નાટકોનું સ્તર ઊંચું લાવવા સતત પ્રયત્ન કર્યાં કર્યો હતો. નાટકના વસ્તુનું અખંડ પ્રવાહમાં વહે તેવું દ્રઢ ગૂંફન કરવાની ફાવટ તેમને આવી ગઇ હતી. એમના જમાનાના નાટયકારોમાં "નહીં સાંધો નહીં રેણ" જેવું સુગ્રથિત વસ્તુનિરૂપણ કરવામાં ડાહયાભાઇની બરોબરી કરી શકે તેવો કોઇ નાટયકાર નહોતો એમ ખુશીથી કહી શકાય.

આપણે અગાઉ જોઈ ગયા કે ડાહયાભાઇએ નાટયલેખનની શરૂઆત કરી ત્યાં સુધી ગુજરાતી નાટક કથન અને વર્ણનમાં જ મુખ્યત્વે પરિબધ્ધ હતું. ડાહયાભાઇનાં આરંભકાળનાં નાટકો પણ એ જ રીતિમાં લખાયેલાં હતાં. "અશ્રુમતી" થી એમાં વળાંક આવે છે. પાત્રનિરૂપણમાં કથનને સ્થાને ક્રિયા પ્રાધાન્ય ભોગવે છે. "વીણાવેલી" માં એ વધુ

સ્પષ્ટ બને છે. ધમલા માળીનું બાહ્ય વર્તન ને આંતરિક હેતુ એ બંનેનું દ્વૈત નાટ્યકારે ક્રિયાના માધ્યમ દ્વારા જ વ્યક્ત કરેલ છે. "સરદારબા," "તારા સુંદરી," "મોહિનીચંદ્ર" અને "ઉમાદેવડી"માં ક્રિયા-તત્ત્વને વધુ ઉઠાવ મળે છે. આમ, ગુજરાતી નાટકને કથનમાંથી સંઘર્ષ પર લાવીને ક્રિયાને કેન્દ્રિત કરવાનું, શ્રી. જયંતિ દલાલ કહે છે તેમ "narration માંથી action" તરફ લઇ જવાનું માન ડાહ્યાભાઇને જાય છે. નાટ્યરચનામાં તેમનું એ મૌલિક પ્રદાન ગણાવું જોઇએ.

નાટ્યલેખક તરીકે તેમનું બીજું મૌલિક પ્રદાન તે નાટકને યોગ્ય ભાષા તેમણે ઘડી આપી તે છે. રણછોડભાઇ, નર્મદ, નવલરામ અને મણિલાલ સુધ્ધાં નાટ્યોચિત ગદ્યની કેડી બાંધવા મથ્યા હતા, પણ તેમાં સફળ થયા નહોતા. તખ્તા પર છટાથી એકધારી બોલી શકાય તેવી જીવતી ભાષા માટે તેમના પુરોગામીઓ ફાંફાં મારતા હતા. તેવી ભાષાને સૌપ્રથમ તખ્તા પર યોજીને તેમાં સફળ થનાર ડાહ્યાભાઇ છે. સરળ અને પ્રવાહી ભાષા તેમને સહજસિધ્ધ હતી. તેમાં લોકબોલી અને રૂઢપ્રયોગોની સમુચિત મેળવણી કરીને નાટ્યોચિત ગદ્યનું કાઠું તેમણે બાંધી આપ્યું."અશ્રુમતી" થી "લાક્ષાગૃહ" સુધી આવતાં તેમના ગદ્યનો ઉત્તરોત્તર વિકાસ થયેલો જોવા મળે છે. નાટકી છટા તેમની ભાષામાં છે. ~~નાટકી~~ વસ્તુતઃ એકેકથી ચઢે તેવા અલંકારો યોજીને નાટકના સંવાદોને ધમકદાર ડાહ્યાભાઇએ બનાવ્યા. અતિરેક થતાં તેમાં કૃત્રિમતાનો દોષ પ્રવેશે છે, પણ નાટકની ક્રિયાનો સ્ફોટ કરે તેવી ભાષાનો પ્રયોગ

કરવા તરફ તેમનું સતત લક્ષ્ય રહેલું છે.[૨] તેમણે જ પછી આવનારને માટે નાટકની ભાષાનો નમૂનો પૂરો પાડયો. આ દૃષ્ટિએ ડાહયાભાઇએ ઘડેલું નાટકનું ગદ્ય આપણા નાટકસાહિત્યના વિકાસમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

પહેલાં કેવળ ધર્મ કે નીતિનો બોધ મુખ્ય હતો. પછી રંજનનું તત્ત્વ પ્રધાન સ્થાન પામ્યું તે એટલે સુધી કે રંજનની કક્ષા નીચે ઊતરી

---

૨ નમૂના તરીકે "લાક્ષાગૃહ" માંથી નીચેનો સંવાદ જુઓ:

દુર્યોધન: એમ હાથ છેદાતા હશે કે ? જુઓ આઘા ખસો, આમાં શું મોટી બહાદુરી મારવાની છે ?

ધૃતરાષ્ટ્ર : શાબાશ, શાબાશ, કુમાર !

દુર્યોધન: પિતાજી, અભિમાન નથી કરતો, પણ જુઓ ચમત્કાર. (મારે છે)

શકુનિ : હેં, હેં, ભૂલ્યો કે શું ? ફેર મારો તીર.

દુર્યોધન: હેં, લાવો, એ તો હું જરા ભૂલથાપ ખાઇ ગયો. (બીજીવાર મારે છે તે પણ ખાલી) આજ મારી તબીયત ઠેકાણે નથી. (મોઢું ચઢાવે છે)

દ્રોણ: વાહ, વાહ, છત્રપતિ ! વાહ. હવે કોઇ છે આ પુતળીઓને વીંધનાર ?

ધૃતરાષ્ટ્ર: ગુરુજી, તમારી વિદ્યા તમે જ જાણો. દુર્યોધનથી પુતળીઓ ન વીંધાઇ તો પછી બીજા કોણ હશે ?

દ્રોણ: તમે ભૂલો છો, દુનિયા છે. પરાક્રમી પડયા હશે.

દુર્યોધન: ત્યારે, ગુરુજી, બતાવોને.

દ્રોણ : એમ? વારુ, અર્જુન, તારી હીંમત છે ? હીંમત હોય તો થા ઊભો ને આ પુતળીઓને વીંધી નાખ.

અર્જુન: ગુરુજીની આજ્ઞા હું મસ્તકે ચઢાવું છું.

દુર્યોધન: મામા, જુઓ, જુઓ, આ પરાક્રમી વળી શું કરવા ઊભા થયા? મરવાના થયા છે કે શું ?

શકુનિ: કમજોરને વળી જુસ્સો ઘણો. ત્યો ક્યાં જોયા નથી? કુમાર, બાંધી મુઠી જ સારી. તે માટે માપમાં રહો.

દ્રોણ: બેટા, અર્જુન, જા, ફત્તેહ કર, મારી આજ્ઞા છે.

અર્જુન: વારું (પગે લાગી જાય છે) (પુતળીઓ વીંધે છે)

(અપ્રગટ હસ્તપ્રતમાંથી, પૃ. ૮-૯)

ગઇ. ડાહ્યાભાઇએ છેવટનાં વર્ષોમાં બોધ અને રંજનની સમતુલા જાળવવાનો પ્રયત્ન કર્યો. કરુણતા એ થઇ કે જ્યારે ડાહ્યાભાઇ ઉત્કૃષ્ટ કોટીનું નાટક આપવા જેટલી પક્વ બુધ્ધિ અને કળાસૂઝ ખીલવી રહ્યા હતા ત્યાં જ તેમને પરલોકનું તેડું આવ્યું. પ્રેક્ષકોની રુચિને વશ થવાને બદલે તેમની રુચિને સંસ્કારે તેવાં નાટ્યરચના અને તખ્તાપ્રયોગ તેમની પાસેથી મળવાનો સમય પાક્યો ત્યાં જ તેમના જીવનનો અંત આવ્યો. ઉત્તમ તો હજુ હવે તેમની પાસેથી મળવાનું હતું. આપસૂઝે જે નાટ્યકળા ખીલવી હતી તે નાટ્યકળાની પરાકોટી પહોંચે ત્યાં તેમનું મૃત્યુ થયું. જો તેઓ એક દસકો વધુ જીવ્યા હોત તો ગુજરાતને સુંદર કલાદેહવાળાં નાટકો મળ્યાં હોત.

આમ છતાં પાંત્રીસ વર્ષના ટૂંકા આયુષ દરમ્યાન તેમણે જે પ્રદાન કર્યું છે તે તેમને ગુજરાતી નાટક અને રંગભૂમિના ઇતિહાસમાં ચિરસ્થાયી કીર્તિના અધિકારી બનાવે તેમ છે. એક જ દસકાની તેમની કારકિર્દી જોતાં તેમણે મેળવેલી સિધ્ધિઓ નાનીસૂની ન ગણાય. તેમની પછી ગુજરાતી રંગભૂમિએ પ્રેક્ષકોની સ્થૂળ રુચિને વશ વર્તીને યંત્રવત્ કામ કર્યું ન હોત તો ડાહ્યાભાઇએ માંડેલા પાયા પર સુંદર કળાની ઇમારત બંધાઇ હોત.

-----